પરિપત્ર:

**વિષય: મતદારયાદી સુધારણા અંતર્ગત જૂનાગઢ શહેરી વિસ્તારની કોલેજોના સ્ટાફની માહિતી આપવા બાબત.**
**સંદર્ભ: મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢનાં પત્ર ક્રમાંક મતય/સ્ટાફ માહિતી/૦૫/૨૦૨૩, તા.૩૦/૦૫/૨૦૨૩.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન **જૂનાગઢ શહેર** વિસ્તારમાં આવતી તમામ સરકારી/અર્ધ સરકારી/ગ્રાન્ટેડ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે આગામી સમયમાં શરૂ થનાર મતદારયાદી સુધારણાની કામગીરી અંતર્ગત બુથ લેવલ ઓફિસર તથા સુપરવાઇઝરશ્રીઓ ની નિમણુંક કરવાની હોવાથી આ સાથે સામેલ નિયત નમૂનાના પત્રકમાં તમામ શાબ્દીક માહિતી શ્રુતિ ફોન્ટમાં તથા તમામ આંકડાકીય માહિતી અંગ્રેજી ફોન્ટમાં MS-EXCELમાં આપની કોલેજના તમામ કર્મચારીઓની વિગતની માહિતી તૈયાર કરી **"મદદનીશ મતદાર નોંધણી અધિકારી, ૮૬, જૂનાગઢ વિધાનસભા મતવિસ્તાર અને મામલતદાર(શહેર)ની કચેરી, તાલુકા સેવા સદન, સરદારબાગ સામે, જૂનાગઢ – ૩૬૨૦૦૧"** પર માહિતીની હાર્ડકોપી તથા aerojndcity@gmail.com પર સોફ્ટકોપી **તા.૧૦/૦૬/૨૦૨૩** સુધીમાં અચૂકપણે મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીના ઇ.મેલ. આઇ.ડી. academicbknmu@gmail.com પર જાણ અર્થે મોકલી આપવી.

કા.કુલસચિવ

**બિડાણ:-** સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૩૫/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૭/૦૬/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન **જૂનાગઢ શહેર** વિસ્તારમાં આવતી તમામ સરકારી/અર્ધ સરકારી/ગ્રાન્ટેડ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

"No Voter to be left behind"

# મદદનિશ મતદાર નોંધણી અધિકારી

## ૮૬ - જુનાગઢ વિધાનસભા મતવિસ્તાર અને મામલતદાર કચેરી, જુનાગઢ શહેર

તાલુકા સેવા સદન, સરદારબાગ સામે, જુનાગઢ. ફોન નં. ૦૨૮૫-૨૬૩૬૦૧૧
E-mail : aerojndcity@gmail.com

__તાત્કાલીક/અગત્યનું__ __(બાય રજી. એડી.)__

નં.મતય/સ્ટાફ માહિતી/૦૫/૨૦૨૩ તા.૩૦/૦૫/૨૦૨૩

પ્રતિ,

૧) રજીસ્ટ્રારશ્રી, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, મોતીબાગ કેમ્પસ, જુનાગઢ.

૨) રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ.

૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીં, બહુમાળી ભવન, જુનાગઢ.

૪) અધિક્ષક ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ., આઝાદ ચોક, જુનાગઢ.

૫) નાયબ કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલીકા, આઝાદ ચોક, જુનાગઢ.

૬) તાલુકા પ્રાથમીક શિક્ષણાધીકારીશ્રી, સરદારબાગ, જુનાગઢ.

૭) ..............................................................................................................

__વિષય :– બી.એલ.ઓ./સુપરવાઈઝર તરીકે નિમણુંક આપવાના કામે સ્ટાફ માહિતી મોકલવા બાબત.__

સવિનય,

ઉપરોકત વિષય પરત્વે આપને જણાવવાનું કે, મતદારયાદી સુધારણા અંગેની કામગીરી કરવા દરેક મતદાન મથક દિઠ એક બુથ લેવલ ઓફીસરશ્રીની નિમણુંક કરવામાં આવે છે. આ બુથ લેવલ ઓફીસરએ તેમના મતદાન મથકમાં સમાવિષ્ટ વિસ્તારોમાં મતદારયાદી સુધારણા અંગેની કાર્યવાહી કરવાની થાય છે. આ બુથ લેવલ ઓફીસર તરીકે નિમણુંક પામેલ કર્મચારીઓની કામગીરીની દેખરેખ રાખવા માટે સુપરવાઈઝરશ્રીઓની નિમણુંક કરવામાં આવતી હોય છે.

આમ, બુથ લેવલ ઓફીસરશ્રી તરીકે તથા સુપરવાઈઝરશ્રી તરીકે નિમણુંક આપવાના કામે આપની કચેરી ખાતે/આપના તાબાની જુનાગઢ શહેરી વિસ્તારમાં આવેલ વિવિધ પેટા કચેરીઓ ખાતે/આપના હસ્તકની યુનિવર્સિટી ના વિવિધ વિભાગો ખાતે/જુનાગઢ શહેરી વિસ્તારમાં આવેલ સરકારી/અર્ધ સરકારી/ગ્રાન્ટેટ કોલેજો/શાળાઓ ખાતે ફરજ બજાવતા વર્ગ–૧ થી ૩ ના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની આ સહ સામેલ પત્રકમાં દર્શાવ્યા મુજબની માહિતી મોડામાં મોડી તા.૧૦/૦૬/૨૦૨૩ સુધીમાં અત્રેની કચેરીની ચુંટણી શાખા ખાતે **(હાર્ડ કોપી તથા સોફટ કોપી બંન્ને)** મોકલી આપવા આપની કચેરીના તથા આપના તાબાના તમામ વિભાગો/કચેરીઓ/કોલેજ/શાળાના જવાબદાર કર્મચારીને આપની કક્ષાએથી જરૂરી સુચનાઓ આપવા તથા સદરહુ માહિતી અત્રેની કચેરીને મોડામાં મોડી તા.૧૦/૦૬/૨૦૨૩ સુધીમાં મોકલી આપવામાં આવે તે આપની કક્ષાએથી સુનિશ્ચિત કરવા વિનંતી છે.

સદરહુ સ્ટાફ માહિતી અત્રેની કચેરીને મળ્યા બાદ જ બી.એલ.ઓ. તથા સુપરવાઈઝર ની નવિ નિમણુંક/બદલી/મુકિતના હુકમો થઈ શકે તેમ હોય તથા આગામી ટુંક સમયમાં મતદારયાદી સુધારણા અંગેની કામગીરી શરૂ થનાર હોય સદરહુ કામગીરીને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

બિડાણ :– નિયત નમુનાનું પત્રક

મદદનીશ મતદાર નોંધણી અધિકારી,
૮૬–જુનાગઢ વિધાનસભા મતવિસ્તાર
અને મામલતદાર, જુનાગઢ(શહેર)

__નકલ સવિનય રવાના :–__

૧) શ્રી મતદાર નોંધણી અધિકારી ૮૬–જુનાગઢ વિ.મ.વિ. અને પ્રાંત અધિકારી સાહેબ, જુનાગઢ. ... જાણ અર્થે.



GENERAL REGISTER
Inward No. 2591
Date 5/6/23

AFFILIATION
Inward No. 863
Dt. 5-6-2023

કચેરીનું પુરૂ નામ :–

કચેરીનું પુરૂ સરનામું :–

કચેરીના વડાનું પુરૂ નામ :–

કચેરીના વડાના સંપર્ક નંબર :–

| ક્રમ | અધિકારી/ કર્મચારી નું પુરૂ નામ (ગુજરાતી માં) | જાતી (પુ./ સ્ત્રી) | હાલનો હોદ્દો | વર્ગ (૧,૨, ૩,૪) | હાલનું રહેઠાણ નું સરનામું | ચુંટણી કાર્ડ નંબર | જન્મ તારખી | નિવૃતિ તારીખ | મો.નં. | બેંકનું નામ | બેંક ખાતા નંબર | I.F.S.C. કોડ | હાલમાં BLO તરીકે કામગીરી કરે છે? (હા/ના) | જો હા તો કયાર થી? | અગાઉ BLO તરીકે કામગીરી કરેલ છે? (હા/ના) | જો હા તો કયા થી કયા સમયગાળા દરમ્યાન | રીમાર્કસ (દિવ્યાંગતા/ સગર્ભા/ લાંબી રજા) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | -૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |

## –:: પ્રમાણપત્ર ::–

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ/કર્મચારીઓની વિગતોનો ઉકત માહિતીમાં સમાવેશ કરવામાં આવેલ છે. કોઈ અધિકારી/ કર્મચારીની વિગતો આપવાની બાકી નથી તથા તમામ અધિકારી/કર્મચારીઓની આપવામા આવેલ તમામ માહિતી ૧૦૦% સાચી છે. જેની અમોએ જાતે ચકાસણી કરેલ છે.

કચેરીના વડાની સહી તથા સિકકો

**નોંધ :– તમામ શાબ્દીક માહિતી શ્રુતિ ફોન્ટમાં તથા તમામ આંકડાકીય માહિતી અંગેજી ફોન્ટમાં MS-EXCEL ફાઈલ માંજ આપવી.**